# સચિવ (ER)ની કઝાકિસ્તાનની સત્તાવાર મુલાકાત (મે 20-21, 2024)

17 મે, 2024

વિદેશ મંત્રાલયમાં સચિવ (આર્થિક સંબંધો) શ્રી દમ્મુ રવિ, 20-21 મે, 2024 ના રોજ અસ્તાના, કઝાકિસ્તાનની મુલાકાત લેશે.

2. સચિવ (ER) શ્રી અસ્તાનામાં 21 મે 2024ના રોજ SCO કાઉન્સિલ ઑફ ફોરેન મિનિસ્ટર્સની બેઠકમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરશે. આ બેઠકમાં SCO કાઉન્સિલ ઓફ હેડ ઓફ સ્ટેટની આગામી સમિટની તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવશે, SCOમાં ચાલી રહેલા સહકારની સમીક્ષા કરવામાં આવશે અને સામાન્ય ચિંતાના પ્રાદેશિક અને વૈશ્વિક પરોપ્રેક્ષ્યમાં વિચારોની આપ-લે કરવામાં આવશે.

3. મુલાકાત દરમિયાન, સચિવ (ER) શ્રી SCO સભ્ય દેશોના તેમના સમકક્ષો અને કઝાકિસ્તાન સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ બેઠકો કરે તેવી અપેક્ષા છે.

**નવી દિલ્હી**
**17 મે, 2024**